શ્રી

બોધ સાગર

મરાઠી ઉપરથી ગુજરાતીમાં.

સદાશિવે

રચ્યો

તે

પ્રસિદ્ધ કરનાર
ઓરપાડના મોઢિતક બ્રાહ્મણ.
મણીભાઈ હરલાલ મેહેતા.
અમદાવાદ.
યુનાઇટેડ પ્રીન્ટીંગ અને જ૦ એ૦ કું૦
'લિમિટેડ' ના પ્રેસમાં.
રણછોડલાલ ગંગારામે છાપ્યો.
સંવત ૧૯૫૪. ઈ૦ ૧૮૯૭.
કિંમત ૨ આના.

૩૯૮૫

પ્રસ્તાવના.

સત્પુરૂષ—જે કે વિષ્ણુબાવા બ્રહ્મચારી રૂપે આ દુનીઆમાં હતા, તેમણે યોગાભ્યાસમાંથી ઉઠી સ્વાત્માનુભવ બાબે ભાવાર્થ સિંધુગ્રંથ, તથા વેદ પ્રતિપાદ્ય ધર્મબાબે મુંબઇમાં જાહેરસભા મેળવી વાદવિવાદ કરી, આ કાળ જમાનાને જોઇએ તેવો વેદોક્ત ધર્મ પ્રકાશ ગ્રંથ અને સહજ સ્થિતિ નિબંધ, તથા સુખદાયક રાજ્યપ્રકરણી નિબંધ એ પુસ્તકો છપાવી પ્રસિદ્ધ કરેલાં છે. એ સઘળાં પુસ્તકો મરાઠી, ગૂજરાતી, અને બીજ ભાષામાં છે. વળી સુખદાયક રાજ્ય પ્રકરણી નિબંધ તો અંગ્રેજી ભાષામાં પણ થએલોછે. પરંતુ ચતુઃશ્લોકી ભાગવતનો અર્થ તો માત્ર ગૂજરાતીમાંજ પ્રસિદ્ધ કરેલો છે. એ ઉપરથી ગ્રંથકર્ત્તાની સ્થિતિ અને જ્ઞાનશક્તિ, અનુભવી પુરૂષોને સેહેજમાં સમજાઇ આવશે, પણ જેઓ અજ્ઞાની છે, તેઓને તો સમજવું દુર્લભ છે, માટે ટૂંકામાં કહેવું એટલુંજ કે, જાણે ખરેખરા અવતારી પુરૂષ હોયની તેવા એ સત્પુરૂષ, તત્વદર્શી યોગીરાજ હતા. એ યોગીરાજ સંવત ૧૯૨૨ ના અધિક શ્રાવણ સુદ ૫ વાર બુધના સૂર્યો-

દયે જન્મ્યા, અને સંવત ૧૯૨૭ના મહાવદ ૧૪ ઉપરાંત અમાવાસ્યા ને વાર શનિની રાતના બાર અને એક વાગતાની વચમાં સમાધીસ્થ થયા.

એ યોગીરાજે નારાયણબાવા સાધુના નામથી મરાઠી ભાષામાં વિચારમાળા અને બોધસાગર એ નામના લઘુ પુસ્તકો છપાવી પ્રગટ કરેલાં છે. તે મધ્યેના આ બોધસાગર ગ્રંથનું ગૂજરાતી ભાષાંતર પરમાત્મૈક બંધુ મેહેતા કાશિલાલ મીઠાલાલે, શેઠ પેસ્તનજી ફરામજી કામાની ભલામણ ઉપરથી કર્યું, પરંતુ તે સર્વને નહીં સમજાય એવું ગૂઢ અને મરાઠી ઢબ ઉપર હોવાથી તેમણે સર્વને સમજાય એવું સરળ ગૂજરાતી ભાષામાં કરવા મને ખાસ ભલામણ કરી તે ઉપરથી મેં મારા સ્વાત્માનુભવથી વિસ્તાર કરવા ઘટયો ત્યાં વિસ્તાર કરી સર્વ સ્ત્રી પુરૂષોને સહજમાં સમજાય એવો સરળ ગૂજરાતી ભાષામાં આ ગ્રંથ લોકહિતાર્થે કર્યો છે.

જીજ્ઞાસુઓને મારી ખાસ ભલામણ છે કે, યોગીરાજોએ સ્વાત્માનુભવ બાબે જે પુસ્તકો રચ્યાં હોય તે પ્રથમ ધ્યાનમાં લેવાં, જેથી ટૂંકો ને સીધો રસ્તો

સેહેલથી મળી આવેછે, માટે પ્રથમ આ પુસ્તક પ્રમાણે શ્રવણ, મનન અને નિદધ્યાસ કરવો અને એનો અનુભવ લેવા સારૂ એ સત્પુરૂષનાં સમાગમી જે કે આ ભાષાંતર કર્ત્તા સદાશિવે સ્વાત્માનુભવ બાળ જ્ઞાનબોધ પ્રકાશ નામનું ગૂજરાતી પદ્યમાં લઘુ પુસ્તક છપાવી પ્રસિદ્ધ કરેલું છે, તે પ્રમાણે ધ્યાન, ધારણા ને સમાધિનો અભ્યાસ રાખવો એટલે કાંઈ ન્યૂનતા રહેશે નહીં. એમ છતાં પણ સમાધાન ન થાય તો ઉપલા ગ્રંથો અવલોકન કરી ધ્યાનમાં લઈ, ધારણા ધરી સમાધિ એટલે ઐક્ય થવું પણ પાછા હઠવું નહીં. આ પ્રમાણે ઐક્ય થવા માટે હઠ ધરી અભ્યાસ કરવો, એનું નામ હઠયોગ અને એથી ઐક્યતાની ફળ પ્રાપ્તી એજ જ્ઞાનયોગ અથવા રાજયોગ છે. માટે બ્રહ્મનું જે મન, તે; ઓ, માનવીઓ, બ્રહ્મવિદ્યા એટલે બ્રહ્મને ઓળખવાના નાદે લાગો, અને હઠ ધરી રાજયોગ કરી યોગીરાજ થાઓ, તોજ સુખી થશો. પણ વેદાંતના પુસ્તકો માંહેલા શબ્દો પાઠે રાખી, ગોખા વેદાંતી એટલે જ્ઞાનીનું ડોળ ઘાલી વાદ વિવાદ કરવો કે ઉપર ટપકે બોધ કરવો, તેથી પોતાનું તેમજ બી-

જાનું કલ્યાણ થતું નથી, કેમકે પોતાનેજ સમજની જગ્યાએ શૂન્ય એટલે આમળા જેવડું મીંડું અને શાંતી નહીં તો તેનાથી બીજાનાં મનનું સમાધાન તે ક્યાંથી હોય? માટે ગોખા વેદાંતી નહીં થતાં અનુભવી વેદાંતી એટલે જ્ઞાની થઈ પોતાનો સ્વાત્માનુભવ બીજાઓને તરણોપાય સારૂ બતાવી, પોતે સુખી થવું, અને બીજાને કરવાં, તોજ તમે વિરલા કહેવાશો. માટે જે પોતે શાંત છે તે બીજાને પોતામાં પોતાનાં જેવા શાંત કરેછે, એવા સત્ગુરૂને શરણે જઈ સુખી થાઓ; એવું આ ગ્રંથના ભાષાંતર કર્ત્તાનું હું પણા વિનાએ એટલે અનન્ય ભાવે સર્વ સ્ત્રી પુરૂષોને કહેવું છે કે, મારા જેવા થાઓ. તથાસ્તુ.

ભાષાંતર કર્ત્તા.

३९९५

श्री

बोधसागर.

श्रीगणेशायनमः श्रीगुरुचरणारविंदाभ्यांनमः

शिष्य-एक शिष्य संसारथी त्रास पामीने सद्गुरुनुं चिंतन करतो हतो, एवामां तेना अपार पुण्यना संचयनो उदय थयो, ते एवी रीत के, पूर्व जन्मे तेणे निष्काम कर्म ईश्वरार्पण कर्यां हतां, माटे ईश्वरने दया आव्याथी पोते सद्गुरुरूपे साक्षात् प्रगट थया. पछी शिष्य पगे लाग्यो एटले सद्गुरु बोलवा लाग्या.

गुरु-बापा, तुं शाथी त्रास पाम्यो छे ?

शिष्य-स्वामीजी, हुं त्रण तापना दुःखथी एटले आध्यात्मिक, (रोगनी पीडा) आधिभौतिक (सृष्टिथी पीडा) अने आधिदैविक (स्वप्ननी अने भोग सृष्टिनी पीडा) ए त्रण तापना दुःखथी बळी रह्योछुं. अने फरी फरीने जन्म मरण पामतां पामतां हुं कंटाळी गयो छुं. माटे हवे जन्म मरणना फेराथी अने कर्म बंधनथी छूटुं अने आ शरीरेज परमेश्वर

મળે એવી મારા ઉપર કૃપા કરો, આટલું કહી ફરી પગે લાગ્યો. એટલે સદ્‌ગુરૂ બોલવા લાગ્યા.

ગુરૂ-ભાઈ, તત્વં પદનું જ્ઞાન અને જડ ચૈતન્યનો નિશ્ચય થયા શિવાય મોક્ષ થાય નહીં અને પરમેશ્વર પણ મળે નહીં.

શિષ્ય-મહારાજ, એ હું કેવી રીતે સમજું તે કહો.

ગુરૂ-ભાઈ, પોતે પોતાને નહીં જાણવું. તેમજ બીજાને પણ નહીં જાણવું તે જડ છે. પોતે પોતાને જાણવું તેમજ બીજાને પણ જાણવું તે ચૈતન્ય છે. એજ જડ ચૈતન્યનો નિશ્ચયછે.

શિષ્ય-સ્વામી, એથી મને શો લાભ થયો ? મને જડ અને ચૈતન્યની ખરેખરી અનુભવ સિદ્ધ ઓળખ થવી જોઇએ.

ગુરૂ-ભાઈ, તું કોણ છે, તે કહે, એટલે તે કહેવાથી જડ કે ચૈતન્ય શું છે તે તને જણાશે.

શિષ્ય-હા, મહારાજ હું દેવદત્ત બ્રાહ્મણનો પુત્ર વિષ્ણુદત્ત તે હું આપની આગળ બેઠેલો છું. અને આ દેહ તેજ હું વિષ્ણુદત્ત છું એવું હું માનું છું.

ગુરૂ-ભાઈ, વિષ્ણુદત્ત એ નામ કોનું ?

શિષ્ય—માતાપિતાએ ઓળખવા સારૂ આ દેહનું નામ વિષ્ણુદત્ત પાડેલુ છે.

ગુરૂ—ભાઈ, હાડ, માંસનો જે દેહ, તે દેહ, હું વિષ્ણુદત્ત છું, એવું જાણેછે?

શિષ્ય—(દેહ) બોલ્યો નહીં.

ગુરૂ—ત્યારે તે બીજાને જાણે છે?

શિષ્ય—(દેહ) બોલ્યો નહીં.

ગુરૂ—ત્યારે દેહ જડ છે કે નહીં? કારણ કે મેં તને કહ્યુંછે કે, પોતે પોતાને નહીં જાણવું, તેમજ બીજાને પણ નહીં જાણવું તે જડ છે.

શિષ્ય—હા, દેહ જડ છે.

ગુરૂ—ભાઈ, વિષ્ણુદત્ત નામના જડ દેહને તું જાણેછે?

શિષ્ય—હા, હું જાણુંછું.

ગુરૂ—ભાઈ, વિષ્ણુદત્ત નામના જડ દેહને જાણનારો વિષ્ણુદત્ત નામના જડ દેહથી જૂદો તું કોણ છે, એ તું પોતે પોતાને જાણે છે?

શિષ્ય—હા, જાણુંછું.

ગુરૂ—ભાઈ, પોતે પોતાને જાણવું, તેમજ બીજાને પણ જાણવું, તે ચૈતન્ય ખરૂં કેની? અને

એમ છે, તો તું ચૈતન્ય છે. છતાં વિષ્ણુદત્ત દેહ તેજ હું છું, એવું ભ્રાંતિથી માનેછે, એ માનવું તું છોડી દે. કારણ કે, માથું, કપાળ, હાથ, પગ, ઇત્યાદિ અવયવો, અને તેનાં નામ રૂપોને તું તારાથી જૂદા જાણેછે માટે તે તું નથી; તુ તો તેને જાણનારો (સાક્ષી) તેનાથી જૂદો છે, પરંતુ તને પંચભૂતના પચ્ચીશ વિભાગ વાળો આપ્પો સ્થૂળ દેહ સ્પષ્ટ દેખાયછે. તેનો વિસ્તાર સ્પષ્ટ કરી બતાવુંછું તે પંચભૂતના પચ્ચીશ વિભાગો:—

	૧ પૃથ્વિ	૨ આપ (પાણી)	૩ તેજ	૪ વાયુ	૫ આકાશ
૧	રૂવાં	લાળ	ભૂખ	ચાલવું	કામ
૨	ચામડી	પિશાબ	તરસ	દોડવું	ક્રોધ
૩	નાડી	લોહી	આળસ	અટકવું	લોભ
૪	માંસ	વિર્ય	ઉંઘ	પ્રસરવું	મોહ
૫	હાડકાં	પશીનો	મૈથુન	સંકોચાવવું	ભય

આ પચ્ચીશ વિભાગ વાળા સ્થૂળ દેહને તું જાણે છે, માટે એ દેહ તે તું નથી. જે જેને જાણેછે, તે તેનાથી જૂદો હોયછે. એ ન્યાયે કરી, એ દેહને જાણનારો (સાક્ષી) તું તેનાથી જૂદો છે. ત્યારે બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય શૂદ્ર એ ચાર વર્ણ તથા બ્રહ્મચારી, ગ્રહસ્થ, વાનપ્રસ્થ, સંન્યાસ એ ચાર આશ્રમ તથા માતાપિતા અને દેહાદિક સારાં નરસાં કર્મ—પાપ પુણ્ય—અને સુખ દુઃખ, એ સર્વેનો સંબંધ, તું જે સાક્ષી, તેને નથી, પણ લિંગદત્ત દેહને છે. અને લિંગદત્ત દેહ તે તું નથી; તું તો તેનાથી જૂદો તેનો સાક્ષી આત્મા છે.

શિષ્ય-મહારાજ, હું સુખી તો થયો છું, પરંતુ ટળવળાટ બંધ થતો નથી. કારણ કે, જોવાથી, દાઝવાથી તેમજ કાંટો યા સરાક ભાંગવાથી દુઃખ અને ચંદન ઇત્યાદિ સુગંધિથી સુખ, એ પ્રકારે અને દુઃખ સુખ થાય છે, તે હું જાણું છું. હર્ષ, ભય, ચિંતા, તથા મરવા પછી સ્વપ્ન દેહની માફક કર્યાં કર્મની સૃષ્ટી જીવાત્મામાંથી

પ્રગટ થઈ ભોગ સૃષ્ટીના ભોગ ભોગવવા પડે, તે દુઃખ તથા બીજી—પશુ આદિક યોનીમાં જન્મ લેવાનું દુઃખ તથા પરલોકમાં જવા વિગેરેનું દુઃખ એ સઘળાં દુઃખો ટળે ને હું શાંત તથા નિર્ભય થાઉં એવી આપ કૃપા કરો.

ગુરૂ-ભાઈ, એ સઘળાં દુઃખ, જ્યારે આપણે લિંગ દેહથી જૂદા છઇએ, એવું તને તારૂં સ્વરૂપ સમજવામાં આવશે, ત્યારે જશે.

શિષ્ય-મહારાજ, તે કેવી રીતે સમજું ?

ગુરૂ-ભાઈ, જેવી રીતે પંચભૂતના પચ્ચીશ વિભાગ વાળું સ્થૂળ શરીર છે, તેવી રીતે પંચભૂતના પચ્ચીશ વિભાગવાળું લિંગ શરીર છે. તે લિંગ શરીરને સૂક્ષ્મ શરીર કહે છે, તેનો વિસ્તાર કહું છું:—અંતઃકરણ, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, વ્યાન, સમાન, ઉદાન, પ્રાણ, અપાન, કાન, ચામડી, આંખ, જીભ, નાક, વાચા, હાથ, પગ, ઉપસ્થ, ગુદ, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, એ પચ્ચીશ વિભાગોવાળું લિંગ શરીર છે. અને એ લિંગ શરીરના વિષે રહેલું

જે નિર્વિકલ્પ, તેજ સ્ફૂરણ રૂપે અંતઃકરણ, સંકલ્પ વિકલ્પ રૂપે મન, નિશ્ચય રૂપે બુદ્ધિ, અનુસંધાન રૂપે ચિત્ત અને હું કહી પ્રવૃત થવા રૂપે અહંકાર છે, પરંતુ એઓમાં મુખ્ય કર્ત્તા ભોક્તા અંતઃકરણ પંચક છે—

૧	પૃથ્વિ	૨ આપ	૩ તેજ	૪ વાયુ	૫ આકાશ
૧	શબ્દ	વાચા	કાન	વ્યાન	અંતઃકરણ
૨	સ્પર્શ	હાથ	ચામડી	સમાન	મન
૩	રૂપ	પગ	આંખ	ઉદાન	બુદ્ધિ
૪	રસ	ઉપસ્થ	જીભ	પ્રાણ	ચિત્ત
૫	ગંધ	ગુદ	નાક	અપાન	અહંકાર

એ અંતઃકરણ પંચકનું કર્ત્તાપણું અને ભોક્તાપણું કહુંછું. તે એવું કે, અંતઃકરણ વ્યાન વાયુને આધારે, કાન, ઇંદ્રિને દ્વારે શબ્દ વિષય ભોગવી, વાચાથી બોલેછે; મન સમાન

વાયુને આધારે ચામડી ઇંદ્રિયની રાહે, સ્પર્શ વિષય ભોગવી, હાથે આપ લે કરેછે. બુદ્ધિ ઉદાન વાયુને આધારે, આંખ ઇંદ્રિયની રાહે રૂપ વિષય ભોગવી, પગે જાવ આવ કરે છે. ચિત્ત પ્રાણ વાયુને આધારે, જીભ ઇંદ્રિયની રાહે રસ વિષય ભોગવી, ઉપસ્થે વિર્ય શ્રાવ અને પિશાબ કરેછે. અહંકાર અપાન વાયુને આધારે, નાક ઇંદ્રિયની રાહે ગંધ વિષય ભોગવી, ગુદે મળ વિસર્ગ કરેછે. માટે સારાં નરસાં કર્મ—પાપ પુણ્ય—કરનારી તે કર્મેંદ્રિય છે. અને સુખ દુઃખ ભોગવનારી તે જ્ઞાનેંદ્રિય છે. પરંતુ એ સર્વ થવાનું મૂળ કારણ અંતઃકરણ પંચક આકાશભૂત છે. તેમજ હર્ષ, ભય, ચિંતા ઇત્યાદિ મનના ધર્મછે, અને મરવા પછી યમ લોકમાં જવું અથવા સ્વપ્ન માફક ભોગ સૃષ્ટિના ભોગ ભોગવવા અને અનેક યોનીમાં વારંવાર જન્મ લેવાં, એ અંતઃકરણ પંચક આકાશ ભૂતથી જૂદા જે આપણ જ્ઞાનરૂપ તે આપણ જ્ઞાન રૂપનેજ થાયછે, એવું

સમજવું નહીં. પણ લિંગ દેહના તદ્રુપપણાએ કરી હું કર્ત્તા, હું ભોકતા, હું સુખી હું દુઃખી, એવું જે તારૂં મનોમય સંગે હુંપણું માનવું, તે ખોટું છે; અને એવું ખોટું હુંપણું માનવાને લીધેજ તું અજ્ઞાનરૂપ જીવ વારંવાર જન્મ લેછે. એ તારા ખોટા હુંપણાથી પણ તારૂં સ્વરૂપ જૂદું છે,એ જયારે તારા સમજવામાં આવશે, ત્યારે તું એ સર્વથી છૂટીશ. તેં ભાઈ, જે દુઃખને માટે પૂછયું હતું, તે સઘળું દુઃખ ગયું કે ?

શિષ્ય–સ્વામી, મારો હેતુ પાર પડયો અને સર્વ દુઃખ ગયું, પણ સુખ થતું નથી.

ગુરૂ–ભાઈ, ત્રીજું શરીર જે કારણ શરીર તે કારણ શરીરથી તું જૂદો છે, એવું તું સમજશે, ત્યારે અજ્ઞાનરૂપી ગાંઠ છૂટશે; અને હું નિરાકાર રૂપછું, એવી તારી ભાવના થશે; તે ભાવનાજ શિવ સાક્ષાત્કાર છે. આવો સાક્ષાત્કાર થયો એટલે જીવપણું નાશ પામશે અને તું મુકત થઈશ. એનેજ મોક્ષ થયો એવું જ્ઞાની કહેછે.

શિષ્ય–તે હું કેવી રીતે જાણું ?

ગુરૂ-તું કેવો છે, અને કોણ છે તે કહે ?

શિષ્ય-હું પોતાને જોવા લાગુંછું, ત્યારે કાંઈ ખ્યાલમાં આવતું નથી. (વળી થોડી વાર પછી કહેછે કે) મહારાજ, હું પોતાને જોવા જાઉં છું ત્યારે કાંઈ જાણવામાં આવતું નથી.

ગુરૂ-જ્યારે તું પોતાને જોવા જાય છે, ત્યારે તું નહીં જાણવાને લીધે મોટા ઘોળમાં પડેછે, પરંતુ કાંઈ જાણતો નથી, એવી, જે તારી નહીં જાણવાપણાની કલ્પના, તેને પણ તું જાણે છે, માટે નહીં જાણવાપણું (અજ્ઞાન) તે તું નથી; તું તો નહીં જાણવાપણાને જાણનારો -સાક્ષી (જ્ઞાન) તેનાથી જૂદો છે, તેજ તું છે. નહીં જાણવાપણું તે પાતક એટલે પાડનારૂં અજ્ઞાન તેનો તું સાક્ષી તારક જ્ઞાનરૂપ છે. હવે એવું (અજ્ઞાનના સાક્ષીપણાનું) તેં તારૂં સ્વરૂપ જાણ્યું એટલે અજ્ઞાન રહ્યું નહીં. પોતાને જાણ્યો એટલે મોક્ષ થયો અને જીવપણું નાશ પામ્યું. હું પોતે નિરાકાર છું, એવી ભાવના ધરી, પોતાને જાણવું, એજ મહા-

કારણ શરીર છે. અને એ મહાકારણ શરી-
રનો સાક્ષી તું, મહાકારણ શરીરથી જૂદોછે,
તેજ સર્વ સાક્ષી સર્વથી જૂદો હું છું, એવું જે
મારૂં જૂદું સ્વરૂપ, તે મુને જણાતું નથી,
એમ ફરી ફરીને તું મળનું અજ્ઞાન વર્યાં કરશે,
માટે તારા સ્વરૂપની નિશાની બતાવું છું; તે
એવી કે, તું સર્વ સાક્ષીપણા વિનાનો, શરી-
રની અંદર અને બહાર જે અંનત અપાર
પોલાણ છે, તેની માંહે સ્થળ રૂપ, અચંચળ
આકાર વિનાનો (નિરાકાર) સ્વપ્રકાશ સ્વ-
યંભૂ તું છે, એવો અનુભવ લે. ભાઈ સ્થૂળ, સૂ-
ક્ષ્મ, કારણ, મહાકારણ, એ ચારે દેહને જા-
ણનારો ચારે દેહથી જૂદો, સર્વ સાક્ષી, શિવ
તુર્ય પ્રત્યગાત્મા (સાક્ષીઆત્મા) ઇશ્વર તેજ
તુંછે, એવું તારા સમજવામાં આવ્યું કે?

શિષ્ય-સમજ્યો તો ખરો, પણ હવે સમજવાનું એ
છે કે, ઇશ્વર તો ચાર દેહનો સાક્ષી ચાર
દેહથી પર (જૂદો) છે અને નિરાકાર વસ્તુ
તો સાક્ષી પણાથી પરાત્પર છે એ માટે ચાર

દેહથી જૂદો અને સાક્ષીત્વાતિત હું છું, એ હું કેવી રીતે સમજું તે કહો.

ગુરૂ-ભાઈ, ત્રણ દેહને જાણનારો તેજ હું નિરાકાર છું, એવી તું ભાવના કરેછે. એ ભાવનાજ મહાકારણ શરીર છે. હું નિરાકાર છું, એવી ભાવના (કલ્પના) તુંજ કરેછે, અને તે કલ્પનાને તું જાણેછે, માટેજ તે જાણવાવાળાની (સાક્ષીની) કલ્પનાથી (સ્ફૂર્ણાથી) ત્રણે દેહનો વ્યવહાર થાય છે. ત્રણે દેહનો સંગ છોડયો અને કલ્પનાજ નહીં કરી તો, ચારે દેહ પણ નથી. તો પછી તું જાણવાનો કોને ? કોઇને નહીં. અને એમ છે તો પછી જાણીવજ (સાક્ષીજ) કોનો? કોઇનો નહીં. માટેજ તે જાણીવ (સાક્ષી) લીન (લય) પામેછે, ને પછી જે રહેછે તે હું તને સુષુપ્તિનાં દ્રષ્ટાંતે કરી સમજાવુંછું:—અજ્ઞાનીને સુષુપ્તિથી (નહીં જાણવાપણાથી) હું પર (જૂદો) છું, એવું જ્ઞાન નથી; પણ સુષુપ્તિ અવસ્થામાં સર્વના જ્ઞાનમાં દેહનો અને જગતનો આકાર હોયછે, અને તેનેજ લીધે

નો અનુભવ સ્વપ્નમાં આવેછે. જેવી રીતે બીજમાં વૃક્ષનો ગુપ્ત આકાર હોય છે, તે હવા, પાણી અને માટીનાં સંયોગથી પ્રત્યક્ષ જોવામાં આવે છે, તેવીજ રીતે ઉંઘમાં (સુષુપ્તિ અવસ્થામાં) જે જ્ઞાન હોયછે, તે જ્ઞાન દેહ સહિત જગતનું ભાન છોડી રહેછે, તો પણ તે જ્ઞાનમાં દેહ સહિત જગતનો ગુપ્ત આકાર હોયછે, માટે ઉંઘને અંતે અને જાગૃતીની પહેલાંની મધ્ય સંધીમાં અન્ન પાણીથી ઉત્પન્ન થયલા પદાર્થનાં સંયોગે કરી, તે જ્ઞાનમાંથી પ્રત્યક્ષ આકાર પ્રગટ થાયછે, તેજ સ્વપ્ન છે. આ દ્રષ્ટાંતે કરી અજ્ઞાનીને નહીં જાણવાપણાથી (અજ્ઞાનથી) હું પર (જૂદો) છું એવું જ્ઞાન નથી, માટે તેના મર્ણાતે સુષુપ્તિ અવસ્થા જેવો તેનાં હુંપણાના જ્ઞાનમાં જગતનો ગુપ્ત આકાર હોય છે, તે મરવા પછી સ્વપ્ન માફક ભોગ સૃષ્ટીના એટલે યમ યાતનાનાં ભોગ ભોગવાવી હરેક યોનીમાં ફરી જન્મ આપેછે. પણ હું નિરાકારછું, એવું

જેને જ્ઞાન હોય છે, તેના (જ્ઞાનીનાં) જ્ઞાનમાં જગતૂનો આકાર રહેતો નથી; તેને લીધે મર્યા પછી ભોગ સૃષ્ટિના ભોગ ભોગવવા પડતા નથી, અને ફરી જન્મપણ લેવા પડતા નથી. હવે તને સુષુપ્તિનો એટલે નહી જાણવા પણાનો ખુલાસો થયો કે, ત્રણ દેહનો વ્યવહાર શાંત થવાથી તારૂં મન લય પામ્યું અને તેનીજ સાથે તારૂં જાણીવ (સાક્ષી) પણ લય થાય છે. ને ત્યાર પછી જે રહેછે, તે સ્થિતિને નિર્વિકલ્પ સમાધી કહેવી. અરે ! તે નિર્વિકલ્પ તુંજ છે. હવે ત્રણ દેહનો સંગ છોડયાથી સાક્ષીપણું લય પામે છે, ને ત્યાર પછી જે રહેછે, તેજ ભાવાતિત નિર્વિકલ્પ આપણું પરાત્પર (મૂળનું) સ્વરૂપ છે, તે તારા અનુભવમાં આવ્યું કે ?

શિષ્ય—હા, અનુભવ થયો તો ખરો, પણ અનુભવ થયો એ કહેવું શોભતું નથી. કારણ કે કાંઈ જાણવાનું હજી પણ બાકી છે, તે હું કહું ?

વારૂ, ત્યારે શરીરસ્થ આત્મા એવું મારા સમજવામાં આવ્યું છે, અને પરબ્રહ્મ શરીરસ્થ નથી, પણ પરબ્રહ્મ તો સાક્ષીત્વાતિત છે માટે હું પરબ્રહ્મ કેમ હોઉં ? એ મને સમજાય એવી કૃપા કરો.

ગુરૂ–અરે, શારીરસ્થ છે તેજ પરબ્રહ્મ છે. જેવી રીતે ઘડા માંહેલુ જે આકાશ એટલે પોલાણ તેજ મહદ્દાકાશ, એટલે ઘડાની બહારનું અને માંહેનું પોલાણ એકજ છે. તેવી રીતે એક દેહ માંહેલો જે શરીરસ્થ નિરાકાર તેજ પરબ્રહ્મ નિરાકાર, એટલે શરીરની બહારનો તથા માંહેનો અને સંપૂર્ણ ગોળાની માંહેનો તથા બહારનો અનેક બ્રહ્માંડાધિષ્ઠાન નિરાકાર છે, તે એકજ છે. શરીરસ્થ અને પરબ્રહ્મ એ માત્ર નામનોજ ભેદછે. પણ નિરાકાર વસ્તુમાં કાંઈ ભેદજ નથી. માટે શરીરસ્થ નિરાકાર, તેજ પરબ્રહ્મ નિરાકાર છે. ચારે દેહને અને નિરાકારને સંબંધ નથી, એવું તું સ્પષ્ટજ કહે. ભાઈ, તે ચાર દેહનો વિસ્તાર બતાવુંછું:—

૧ સ્થૂળ દેહ	૨ સૂક્ષ્મ દેહ (વાસનાત્મક, લિંગ દેહ)	૩ કારણ દેહ	૪ મહાકારણ દેહ
જાગૃદવસ્થા	સ્વપ્નાવસ્થા	સુષુપ્તિઅવસ્થા	તુર્યાવસ્થા
વિશ્વાભિમાની	તૈજસાભિમાની	પ્રજ્ઞાભિમાની	પ્રત્યગાત્માભિમાની
નેત્રસ્થાન	કંઠસ્થાન	હૃદયસ્થાન	મૂર્દ્ધિનસ્થાન
સ્થૂળભોગ	પ્રવિવિક્તભોગ	આનંદભોગ	પરમાનંદભોગ
વૈખરીવાચા	મધ્યમાવાચા	પશ્યંતિવાચા	પરાવાચા
રજોગુણ	સત્વગુણ	તમોગુણ	શુદ્ધસત્વગુણ
અકારમાત્રા	ઉકારમાત્રા	મકારમાત્રા.	અર્ધમાત્રા

એ સર્વનો જે સાક્ષી તે સાક્ષીપણાના ભાવ વગરનો અનેહુંપણાની ભાવના વિનાનો તું અનાદિ જેવોને તેવોજ છે.

શિષ્ય–મહારાજ, હું કૃત કૃત્ય (પૂર્ણ) થયો છું. હવે, હે સ્વામી, "તે (નિરાકાર) તું છે," એ મહા વાક્યના ત્રણ પદનું જ્ઞાન કહો; અને "તે તું છે" એ મહા વાક્યથી ક્ષરા ક્ષરાતિત તથા હું-પણાતિત હું છું, એ મને સ્પષ્ટ સમજાવો.

ગુરૂ—ભાઈ, પ્રથમ સૃષ્ટીનો ઉત્પત્તિ ક્રમ અન્વયે કરી કહીશ; પછી સૃષ્ટીનો વ્યતિરેક એટલે લય કરી બતાવીશ; પછી તત્ પદ વિષે સમજાવીશ; ને ત્યાર પછી, તેજ તત્ પદ તું છે, એવું બતાવીશ, માટે તે પ્રમાણે ક્ષરાક્ષરાતિત અભેદ પરબ્રહ્મ તારૂં સ્વરૂપ સમજજે. પરંતુ શબ્દની માથા ફોડતો માત્ર જ્ઞાન સમજાવવાને માટેજ છે. હવે અન્વય એટલે ઉત્પત્તિ ક્રમ કહું છું, તે સાંભળઃ—આ, સૃષ્ટીની પહેલાં નિર્વિકલ્પ નિરાકાર સમ ચૈતન્ય છે, તે જગામાં હું બ્રહ્મ એવી સ્ફૂર્તિ—ભાવના—કલ્પના થઈતે મૂળ માયા—આદિશક્તિ છે એ સ્ફૂર્તિ એજ પંચ ભૂતનું બીજ, તે જાણે આકાશ એટલે પોલાણમાં વાયુની ઝુળક (લેહેર) હોયની એવી માયા છે તે માયાને વિષે વ્યાપક એવું સ્ફૂર્તિને જાણનારૂં ચૈતન્ય અથવા જ્ઞાન છે. તે જ્ઞાનને માયાધીશ—મૂળપુરૂષ—ઈશ્વર કહીએ. પછી માયા અને ઈશ્વરના બહુ રૂપ થયાં; તે એવી રીતે કે, માયા અને ઈશ્વર એનાં સંયોગે જગત્ થવું એવી ઇચ્છા થઈ. તે ઇચ્છાનું નામ અવિદ્યા—બીજી માયા છે. અને બીજી માયાને વિષે એવો સંકલ્પ ઉઠ્યો કે,

જગત્ રૂપ હુંજ થઈશ, એ સંકલ્પનું નામ મહત્તત્વ છે. મૂળ માયામાં જે વ્યાપક ચૈતન્ય એટલે જાણનારૂં—સાક્ષી જ્ઞાન, તે જ્ઞાનની ઇચ્છા અવિદ્યા તે અવિદ્યામાં જે વ્યાપક ચૈતન્ય એટલે સાક્ષી જ્ઞાન તેજ (વાસનાત્મક) જીવ છે. તે જીવને હું કોણ છું, એ હું જાણતો નથી, એવું નહીં જાણવાનું આવરણ અવિદ્યાએ ઘાલી વશ કીધો, તેને લીધે મૂળમાયા માંહેથી હું નિરાકાર છું, એવી પ્રથમ (મૂળ) સ્વરૂપની ભાવના ભૂલ્યો. મહત્તત્વથી અહંકાર થયો. તે અહંકારના ત્રણ પ્રકાર છે. સાત્વિક, રાજસી, અને તામસી. એ ત્રણ અહંકારમાંથી સત્વ, રજ, તમ એ ત્રણ ગુણ થયા એ અહંકાર જગત્નો કર્ત્તા ભોક્તા છે, ને તેમાં રજોગુણની ક્રિયાશક્તિ, તમોગુણની દ્રવ્યશક્તિ, અને સત્વગુણની જ્ઞાનશક્તિ છે. ક્રિયાશક્તિથી પ્રાણ અને ઇંદ્રિઓ થઈ, જ્ઞાનશક્તિથી અંતઃકરણ, મન, બુદ્ધિ આદિ દેવ થયા, અને દ્રવ્યશક્તિથી પંચમહાભુતો થયા. ત્યાર પછી ચૌદ ભુવનની રચના, એટલે પાતાળથી સત્યલોક પર્યંત અનંત ગોળ મળી એક વિરાટ દેહ થયો. તે વિરાટ દેહ ચેતના

નહીં પામ્યો ત્યારે માયાધિશ મૂળ પુરૂષ રૂપ અંશે કરી પ્રગટ થયાથી વિરાટ કાર્ય સબળ થતું ગયું. હવે જેમ જીવના ચાર દેહનો લય કીધો તેમજ વિરાટના ચાર દેહનો લય કરીએ તો, પછી શું રહેછે, તે જણાઈ આવશે. હવે પ્રથમ વિરાટના ચાર દેહની કલ્પના કહું છું. તે એવી કે, વિરાટ સ્થૂળ દેહના પગનાં તળીયાં તે પાતાળ ગોળ, પગની એડીનો પાછળનો ભાગ તે રસાતળ ગોળ, પગની ઘૂંટી તે મહાતળ ગોળ, પગના ઘુંટણ તે સુતળ ગોળ, ઝાંઘ તે તળાતળ ગોળ પેઢું તે વિતળ ગોળ, કેડ તે અતળ ગોળ, નાભી તે મહીં ગોળ, (ભૂરલોક ગોળ) પેટ તે ભુવર લોક ગોળ, છાતી તે સ્વર્ગલોક ગોળ, કંઠ તે મહરલોક ગોળ, મોઢું તે જનલોક ગોળ, કપાળ તે તપ લોક ગોળ, માથું તે સત્યલોક ગોળ, ભૃગુટી તે કાળ, દાંત તે અનેક તારા, હાસ્ય મોહ (હસવું ને પ્રેમ) તે માયા, કટાક્ષ તે સૃષ્ટી ની ઉત્પત્તિ, નિમિષોનમેષ તે રાત્રિ દિવસ, કૂખ તે સમૂદ્ર, નાડી તે નદીઓ, રૂવાં તે વૃક્ષ ઔષધી, રેત (વીર્ય) તે વૃષ્ટી, હાડકાં તે પર્વત, એટલાં મળી વિરાટ દેહ, તે મનુષ્યનો

સ્થૂળ દેહ સરખો, જગત્ રૂપ સ્થૂળ દેહ છે. એ કલ્પિત વિચાર પ્રમાણે વિરાટ દેહ સમજવો. હવે વિરાટનો સૂક્ષ્મ દેહ કહુંછું. અંતઃકરણ તે વિષ્ણુ, મન તે ચંદ્ર, બુદ્ધિ તે બ્રહ્મા, ચિત્ત તે નારાયણ, અહંકાર તે રૂદ્ર, કાન તે દિશા, ચામડી તે જડ વાતાવરણ, આંખ તે સૂર્ય, જીભ તે વરૂણ, નાક તે અશ્વિની કુમાર, વાચા તે વેદ, હાથ તે ઈંદ્ર, પગ તે ઉપેંદ્ર, ઉપસ્થ તે પ્રજાપતિ, ગુદ તે મૃત્યુ, તથા સર્વના જે પંચપ્રાણ તેજ વિરાટના પંચપ્રાણ વાયુ છે; એજ વિરાટનું સૂક્ષ્મ શરીર છે ને એ સૂક્ષ્મ શરીરને હિરણ્યગર્ભ કહેછે, તથા મહત્તતત્વ પણ કહેછે; અને ઉપર જે અવિદ્યા બીજી માયા કહી તે વિરાટનું કારણ શરીરછે અને જે મૂળ માયા કહી તે વિરાટનું મહાકારણ શરીરછે. મનુષ્યનો જેવો સ્થૂળ દેહછે, તે વોજ વિરાટનો જગત્ રૂપ સ્થૂળ દેહ છે, એવું આપણે કહી ગયા છીએ, તેજ પ્રમાણે મનુષ્ય તથા પશ્વાદિકનો જે સૂક્ષ્મ દેહ તે વિરાટનો સૂક્ષ્મ હિરણ્યગર્ભ—મહત્તત્વ છે. ને મનુષ્ય પશ્વાદિકનો જે કારણ દેહ તેજ વિરાટની ઇચ્છા—અવિદ્યા—બીજી મા-

યાછે. મનુષ્ય પશ્વાદિકનો જે મહાકારણ દેહ તે વિરાટની મૂળ માયાછે. મનુષ્ય તથા પશ્વાદિકનો જે પ્રત્યગાત્મા તેજ વિરાટ એટલે ઈશ્વરરૂપે સર્વેશ્વર છે. માટે એ સર્વ એકજ છે. હવે વિરાટના ચાર દેહનો એટલે સપૂંર્ણ વિશ્વરૂપ કલ્પનાનો લય કરવા સારૂ તને વ્યતિરેક કહુંછું, એટલે તત્ પદ સમજાશે. જે અન્વયે કરી સૃષ્ટીની રચના થઈ, તેજ અન્વયે કરી તે પાછી જ્યાંની ત્યાં સમાઈ ગઈ, તે એવી રીતે કે પૃથ્વિનો લય જળમાં, જળનો લય અગ્નીમાં, અગ્નીનો લય વાયુમાં, વાયુનો લય, આકાશમાં, આકાશનો લય દ્રવ્યશકિતમાં, દ્રવ્યશકિતનો લય તમોગુણમાં, રજોગુણનો લય સત્વગુણમાં; ને સત્વગુણનો લય પણ તમોગુણમાંજ થયો, તમોગુણનો લય અહંકારમાં, અહંકારનો લય મહતત્વમાં, મહત્તત્વનો લય અવિદ્યામાં થયો. એ પ્રમાણે વિરાટ સ્થૂળ તથા સૂક્ષ્મ—હિરણ્યગર્ભ એટલાનો લય થયો અને અવિદ્યા, માયા મૂળ માયામાં લય થઈ, એટલે વિરાટ કારણ ગયું અને મૂળ માયા બ્રહ્મને વિષે લય એટલે નહીં જેવી થઇ. આવી રીતે વિરાટ મહાકારણ

ગયું. હવે આવા વિચારને અંતે અધ્યુર્ધ્વ ભાવ રહિત અનંત નિરાકાર રહે છે "તે" તારા ચાર દેહથી જૂદો "તુ" શુદ્ધ ચૈતન્ય "છે." આ મહા વાક્ય વિચારીને જોયું તો, અનાદિ સમ નિરાકાર "તે તુંછે" આ મહા વાક્યના ત્રણ પદની ઘડભાંજ માત્ર કલ્પિત બોધાર્થે તને કહીછે. જ્યારે સૃષ્ટી નહીં હતી, ત્યારે તું એવોજ ભાવાતિત શુદ્ધ ચૈતન્ય હતો; અને હવે અંતરમાંથી હું એવી સ્ફૂર્ણા એટલે કલ્પના થવા પહેલાનાં સ્વસ્વરૂપને વિચાર દ્રષ્ટીથી જો, એટલે તું તેવોજ છે. હુંપણું ગયું તો, તું જેવોને તેવો સહજ નિરાકાર છે. નિરાકાર (પોતે પોતાનાં હુંપણા વિનાના) સ્વસ્વરૂપની નિશાની એજ કે, ભૂગોળાદિક અનંત ગોળ જે એક પોલાણમાં (આકાશમાં) દેખાય છે. તે પોલાણ એકજ છે. અને પોલાણનાં અસ્તિત્વની (હોવાપણાની) જે કલ્પના, તે કલ્પના ઇંદ્રિના આધારે કરીછે. અને તેથીજ સર્વ સૃષ્ટિનું પણ અસ્તિત્વ છે. પરંતુ હુંપણુ ઉઠવા પહેલાં એટલે હું એવી સ્ફુર્ણા થવા પહેલા પોતાનું સ્વસ્વરૂપ તે પોલાણની માંહે નિરાકાર અનંત

સ્થળ જેવું છે, તે સ્વસ્વરૂપમાં પોલાણનું અસ્તિત્વ નથીજ. એટલે સૃષ્ટીનું અસ્તિત્વ પોલાણને આધારે છે, તે પણ નથી. એવો તું હુંપણા વિનાનો સમ નિરાકાર અનાદિજ છે. ભાઈ, મર્યા પછી વાસનાત્મક સૂક્ષ્મરૂપમાં જે સ્થિતિ રહેછે, તે સઘળું વિચાર દ્રષ્ટિ દો-ડાવી તેં હવે જોયું કે ? મૃત્યુને મારી તું તો જીવતોજ છે, મર્યા પછી જે રહેછે, તે હવે તેં અનુભવ્યું કે ? નિત્ય મુક્ત પરબ્રહ્મ તુંજ, હું એવી સ્ફુરણા ઉઠવા પહેલાં, તથા હુંપણું હોવા છતાં, તથા હુંપણું મર્યા પછી પણ છે.

શિષ્ય—હું જેવોને તેવોજ છું. આ થાયછે, જાયછે, અને દેખાયછે તે શું ?

ગુરૂ—વળી ફરીને જો. સ્વપ્રકાશરૂપમાં પોલાણનું અસ્તિત્વ નથી, તેથીજ તેને આધારે જગત્-નું અસ્તિત્વ છે તે પણ નથીજ.

શિષ્ય—ફરીને કેવી રીતે જોઉં ?

ગુરૂ—ભાઈ, બ્રહ્મથી જૂદો હું અમુક એવા ભાવે વર્તતો હતો તે કોઈજ નથી એમ જો. ભાઈ હવે સમજ્યો કે ?

શિષ્ય—હા.

ગુરૂ—જેવી રીતે એ સમજ્યો તેવીજ રીતે બ્રહ્મદેવથી

તે કીડી પર્યંત પોતપોતાને નિરાકાર સ્વરૂપથી જૂદા માનેછે, તોપણ તેઓનું હુંપણું મૂળેજ નથી, એ અનુભવમાં આવ્યું કે?

શિષ્ય-હા.

ગુરૂ-ત્યારે જીવધારક દેવ, મનુષ્ય, કીડા, પતંગ, પિશાચ વિગેરે જીવમાત્રજ નથી. હવે માથું, કાન, નાક આદિ આકાર દેખાય છે, તે આકાર તો ચાર ભૂત મળીને બનેલો છે, ને તે ચાર ભૂતો પણ પાંચમુ ભૂત જે આકાશ (પોલાણ) તેને આધારે દેખાય છે. પરંતુ નિરાકાર સર્વત્ર ભરેલો છે. માટે પોલાણનું અસ્તિત્વ મૂળેજ નથી, તેથી તેને આધારે અનંત બ્રહ્માંડ ગોળો સહિત વિશ્વજ નથી; અને આવું જ્ઞાન નહીં હોવાને લીધે, પંચભૂતો પોતપોતાને જૂદાજૂદાપણાએ માનેછે, તેમજ સર્વ ગોળો પરના જીવો પણ પોતપોતાને જૂદાપણે માનેછે: તોપણ પોલાણના અભાવને લીધે સર્વેજ નથી, ત્યારે તેનાં આકાર, ઉંચ, નિચ, નામ, રૂપ નથી ને નથી. હવે જે દેખાયછે તે એવી રીતે કે, રજ્જુના હોવાપણાને સર્પ જોયા તોપણ રજ્જુ સર્પ થઈ નથી; તેમજ રજ્જુને સર્પભાસની ખબર પણ નથી, તે

પ્રમાણે બ્રહ્મ જગત્ થયો નથી તથા બ્રહ્મને જગત્નો ભાસ થયો નથી. માટે રજ્જુસર્પ ભાસના દ્રષ્ટાંતે, બ્રહ્મ જગત્ ભાસ્યો, તોપણ નામ રૂપ અસત્ હોઈ, સત્ય તો બ્રહ્મને બ્રહ્મજછે. માટે જે સર્વ અસત્ છે તે નથીજ, પણ બ્રહ્મજ છે. જે સર્વ દેખાય છે તે ભાસ માત્રછે, ને તેપણ નથીજ. ભાસતો મનના યોગે દેખાય છે, માટે જ્યારે મન લય પામ્યુ, ત્યારે તે પણ નથી. માટે ભાસનું કારણ મન તે મનજ નથી. માત્ર નિર્વિકલ્પ નિરાકાર તું છે, એટલે મનજ ખરેખર નથી. હવે તું જ્યારે ચિંતન કરશે, ત્યારે ચિત્ત નામ પડશે. અને વિચાર કરશે, ત્યારે મન નામ પડશે. જો નહીં વિચાર્યું અને નહીં ચિંતન કીધું, તો મન પણ નથી ને ચિત્ત પણ નથી. માત્ર તુંજ કૈવલ્યછે. વાઘ બરાડે, ત્યારે તેને બરાડો કહીએ અને તે નહીં બરાડ્યો તોપણ વાઘ તો છેજ, પણ બરાડો નથી. તેમ હું શબ્દ (હુંપણું) કાંઇજ નથી. તુંતો અહં ભાવાતિત (હુંપણાના ભાવ વિનાનો) સહજ નિરાકાર છે. જ્યારે મનજ નથી, ત્યારે તેના યોગે ભાસ્યમાન ભાસ, તે પણ નથી એ સેહેલથી સમજ્યો કે?

શિષ્ય—સમજાયો.

ગુરૂ—તું નિરાલંબ છે, આવું ગુરૂ બોલ્યા પછી, સર્વ ભાવ લય થતાંજ સ્ફૂર્ણું બંધ થયું.

શિષ્ય—સ્વામીજી, હવે કાંઈજ નથી. શૂન્યછે એવું જણાયછે.

ગુરૂ—ભાઈ, કાંઈજ નથી એવું કહીશજ નહીં. કાંઈ નહીં હોતતો કાંઈજ નથી એવું શૂન્યપણું કોણ જાણત? કાંઈજ નથી એવી કલ્પના તુંજ કરેછે, અને તેને લીધેજ તે કલ્પનાને, એટલે, કાંઈજ નથી એવા શૂન્યપણાને, તું જાણે છે, તેથી તુંતો કાંઇજ નથી, એવી કલ્પના ઉઠવા પેહેલાંનો સહજ જ્ઞાન ઘન નિરાકાર છે નિરાકાર સ્વરૂપ, કૈવલ્ય જ્ઞાનને સ્ફૂર્ણાના અહંભાવ ભાને એટલે હુંપણાનાં જ્ઞાને (અજ્ઞાને) જાણવામાં આવતું નથી. માટે તે અભાવ (શૂન્ય) દેખાય છે. પરંતુ તુંતો અભાવ પહેલાંનો જ્ઞાનરૂપ ભાવ તે તું, સ્વસ્વરૂપ કૈવલ્ય જ્ઞાનને જાણેછે, તેજ તું હુંપણા વિનાનો સ્વસ્વરૂપ કૈવલ્ય સમ જ્ઞાનરૂપ છે. અને સ્વસ્વરૂપ કૈવલ્ય જ્ઞાનમાં જ્યારે તું શુદ્ધચૈતન્ય ભાવે હતો; ત્યારે અભાવ (શૂન્યપણું) તો હતોજ નહીંજ, તેથી તુંતો અભાવ પેહેલાંનો હુંપણાના ભાન ભાવ રહિત અનાદિ

બ્રહ્મ તેજ તું છે કે ?

શિષ્ય—હા, છે કે નથી એવું કાંઈપણ શબ્દ રહિતછે.

ગુરૂ—પછવાડે, કિંવા, હમણા, કિંવા આગળ, એવા કલ્પિત ત્રણ કાળ નથી, સદોદિત સચ્ચિદાનંદછે. સત્ એટલે ઉત્પત્તિ, સ્થિતિ, ને સંહાર, એ ત્રણે કાળનો સ્પર્શ નથી તે; ચિત્ત એટલે ચૈતન્ય જ્ઞાન ઘન હુંપાણું નહીં હોતાં, સહજ સમર્થ તે; આનંદ એટલે સુખ દુઃખ કલ્પના વિરહિત સહજ સુખ રૂપ એવો જ્ઞેય, જ્ઞાતા વર્જીત પરબ્રહ્મ તું છે કે ?

શિષ્ય—પોતે મૂંગો રહ્યો એજ શિષ્યનો ઉત્તર હતો

ગુરૂ—ભાઈ, આ બોધ ગુરૂના ઉપદેશે કરી થયો કે સર્વકાળ નિત્ય બોધજ તું છે.

શિષ્ય—ત્યારે મર્યાદશીળ શિષ્ય કાંઈ બોલ્યો નહીં.

ગુરૂ—ભાઈ, મર્યાદા પાલન કરવી, તે વાત જુદી છે પણ હમણાં તારો બોધ કેવા પ્રકારનો છે તે જાણવાની ઈચ્છા રાખુછું, તે કહે.

શિષ્ય—ત્યારે શિષ્ય સત્ગુરૂ પ્રીત્યર્થે બોલવા લાગ્યો "સ્વામીજી, હું સ્વતઃ સિદ્ધ, જ્ઞાનવાન, નિત્ય બોધયુકત નિત્ય મુકત છું."

ગુરૂ—વેદશાસ્ત્ર કહેછે તે શા કામનું છે ?

શિષ્ય—જેને ભ્રમ (ભ્રાંતિ)છે તેને વેદશાસ્ત્ર અવશ્ય જોઇએ. હુંપણાની સ્ફૂર્ણા પેહેલાંના નિરાકાર

સ્વસ્વરૂપમાં વેદશાસ્ત્ર કાંઇજ નથી.

ગુરૂ—અરે, ધ્યાન સમાધી કાંઈ કરશો કે ?

શિષ્ય—ધ્યાતા, ધ્યાન, ધ્યેય, એ ભાવ રહિત અનાદિજ હુંછું, ને સમાધીમાં નિર્વિકલ્પતા હોવી, તેવો નિર્વિકલ્પ તો હું સહજજછું, માટે મારા દેહ પીંજરાની માંહે વાયુને ચલિત કર્યાથી અહં સ્ફૂર્ણા ઉઠેછે, તે સ્ફૂરણ પેહેલાંના સહજ જ્ઞાનઘન, નિરાકાર, સંકલ્પ રહિત સ્વરૂપમાં સમાધીની જરૂર નથી કૈવલ્ય બ્રહ્મ હુંજ છું, મારૂંજ મને નમન એટલે મન રહિત આત્મજ્ઞાન છે. એવી શિષ્યની પુર્ણતા જોઇ સદ્‌ગુરૂ બોલવા લાગ્યા.

ગુરૂ—ભાઈ, તું બોલ્યો તેમજ છે, પરંતુ દૃઢ અભ્યાસ કરવો. આજ્ઞા, વંદન કરી શિષ્ય પણ, ક્ષુધા, તૃષા એ પ્રાણધર્મ, જન્મ, મરણ એ દેહ ધર્મ, તથા હર્ષ, શોક એ મનો ધર્મ, એનું હુંપણું ન ધરતાં નિરાકાર સ્વસ્વરૂપમાં રમમાણ થઈ રામ રૂપ થયો એટલે અનંત, અપાર, સ્થળ સરખો જે રામ તેનાં સ્વરૂપમાં રમમાણ થઈ નિરાકાર થયો.

ઇતિ શ્રીમત્તપ:પરાયણ શ્રીમન્નારાયણ વિરચિત બોધસાગર સમાપ્ત. શ્રી ગુરૂદેવ દત્તાત્રયાયનમઃ

જાહેરખબર.

વિષ્ણુ બાવા બ્રહ્મચારી કૃત—ચતુઃશ્લોકી ભાગવતનો ગુજરાતીમાં અર્થ કિંમત એક આનો.

ભાવાર્થ સિંધુ ગ્રંથની ગુજરાતીમાં ટીકા કાશીલાલ મોહનલાલ મેહેતા કૃત કિંમત એક રૂપીઓ.

બોધસાગર મરાઠી ઉપરથી ગુજરાતીમાં સદાશિવ કૃત કિંમત બે આના.

સદાશિવ કૃત—જ્ઞાન બોધપ્રકાશ કિંમત એક આનો.

સદરહુ પુસ્તકો નિચે જણાવેલ ઠેકાણેથી મળશે.

મણીભાઈ હરલાલ મેહેતા.

મુંબઈ બહારકોટ કાલબા દેવીના રસ્તાપર.

નારાયણ ડાભોલકરની વાડીમાં.